# IIT-Gn.ના વિદ્યાર્થીઓનો ગુજરાત ટુરિઝમ વિષયક થ્રીડી પ્રોજેક્ટ

અમદાવાદ, રવિવાર

આઈઆઈટી ગાંધીનગરમાં આજે પૂર્ણ થયેલા બે દિવસના ઈનોવેશન એન્ડ રીસર્ચ ઈવેન્ટ અમલ્થિયા ૨૦૧૩ અંતર્ગત આઈઆઈટીના ઈન્ક્યુબેશન સેન્ટર આંત્રપ્રિન્યોરશિપની ટ્રેનિંગ માટે બે ટીમની પસંદગી કરવામા આવી છે. આ વિદ્યાર્થીઓને આઈઆઈટી દ્વારા સ્કોલરશીપ પણ અપાશે. મહત્વનું છે કે આ બે ટીમમાં એક ટીમ આઈઆઈટીની છે અને જેણે ટુરિઝમને મદદ કરનારો ફોર-ડી નામનો એક થ્રીડી પ્રોજેક્ટ તૈયાર કર્યો છે.

## પ્રોજેક્ટને ફોર-ડી નામ આપ્યું : IIT ના ઈન્ક્યુબેશન સેન્ટર માટે પ્રોજેક્ટ સિલેક્ટ કરાયો

આઈઆઈટીના મિકેનિકલ બ્રાન્ચના ત્રીજા વર્ષના ચાર વિદ્યાર્થીઓએ ભેગા મળીને ફોર-ડી નામનો એક પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. જેમાં તેઓએ ગુજરાતના વિવિધ પર્યટન સ્થળોની થ્રી ડી ઈમેજ અને વીડિયો તૈયાર કર્યા છે. જેથી ઈન્ટરનેટ પર સારા સ્થળોને શોધીને ફરવા જવાની ઈચ્છા રાખતા લોકો આ થ્રીડી વીડિયો અને ઈમેજ જોઈને પોતે જ તે સ્થળ પર છે તેવી અનુભૂતિ કરી શકે છે.

આઈઆઈટીના અમલ્થીયા ૨૦૧૩ અંતર્ગત ઈન્ક્યુબેશન ફોર ઈનોવેશન નામની ઈવેન્ટમાં દેશની જુદી જુદી ૩૦ ટીમોએ ભાગ લઈને પોતાના આઈડીયાસ અને પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. આઈઆઈટીના વિદ્યાર્થીઓનો આ પ્રાથમિક પ્રોજેક્ટ પસંદ કરાયો હતો. હવે આ વિદ્યાર્થીઓ આઈઆઈટીના ઈન્યુક્યુબેશન સેન્ટર માટે અપ્લાય કરી શકશે અને સ્કોલરશીપ મેળવી શકશે. મહત્વનું છે કે આઈઆઈટી દ્વારા આંત્રપ્રિન્યોરશીપ અને ઈનોવેશન માટે ૫૦ લાખ સુધીની સ્કોલરશીપ અપાતી હોય છે. ઈન્ક્યુબેશન સેન્ટરમાં પુરી રીતે આ પ્રોજેક્ટ તૈયાર કર્યા બાદ ગુજરાત ટુરિઝમ વિભાગ સમક્ષ પણ રજૂ કરાશે.

**Source: Gujarat Samachar**

**Date:** 21.10.2013

**Page:** 05